ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૬-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

# દારૂબંધીની આરપાર

ગાંધીજીને મન આઝાદી કરતાં પણ દારૂબંધી વધુ મહત્ત્વની બાબત હતી. એમણે કહ્યું હતું : મને લીંબુ ઉછાળ સમય પૂરતો પણ આ દેશનો વહીવટ કરવાનો અધિકાર મળે તો સૌથી પહેલું કામ દારૂને દેશવટો આપવાનું કરું. દારૂને લીધે ગરીબ વર્ગની જે દુર્દશા થતી રહી છે તે જોઇ ગાંધીજીનું સંવેદનશીલ હૈયું હચમચી ઊઠે તે સમજી શકાય એમ છે. બાપુના રચનાત્મક કાર્યક્રમોમાં દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ અને સફાઇ જેવા પાયાના કાર્યક્રમોનો સમાવેશ થતો હતો. દેશ આઝાદ થયો ત્યારે મદ્યનિષેધનો કાનૂન ઘણાં બધાં રાજ્યોએ અમલી બનાવનાનો સંકલ્પ કર્યો પરંતુ એથી ગુમાવવી પડતી આકબારી જકાતની આવક અને દારૂ ઉદ્યોગના માંધાતાઓની વગ આગળ એ સંકલ્પ ઢીલો પડતો ગયો. દારૂબંધી માત્ર ગુજરાત રાજ્ય અને મહારાષ્ટ્રના 'ગાંધી જિલ્લા' તરીકે ઓળખાતા વર્ધા જિલ્લા પૂરતી અમલમાં રહી છે. વચ્ચે હરિયાણા સરકારે મહિલાઓના આગ્રહથી દારૂબંધી દાખલ કરવાનો પ્રયોગ કરી જોયો જે સદંતર નિષ્ફળ રહ્યો હતો. દિલ્હી અને હરિયાણાની સરહદ મળતી હોઇ એ શક્ય જ બન્યું. ગુજરાત દુનિયા આખીમાં 'ડ્રાય સ્ટેટ'ની પ્રતિષ્ઠા ધરાવે છે, અને એથી એના પ્રવાસન ક્ષેત્રને ઘણું નુકશાન પણ ઉઠાવવું પડે છે. અહીં રોકાણો કરવા માગતા બહારના ઉદ્યોગપતિઓ પણ દારૂબંધીને કારણે અચકાતા રહ્યા છે. છેલ્લે છેક માધવસિંહ સોલંકીના શાસનકાળની દારૂબંધીના જડ અમલમાં રિલેકેસેશનની પોલિસી અસ્તિત્વમાં આવી ત્યારથી ચુસ્ત ગાંધીવાદીઓના વિરોધ છતાં પછીની સરકારો વધુ ને વધુ છૂટછાટો આપતી રહી છે. દારૂબંધી સમૂળગી ઉઠાવી લેવાની હિંમત નરેન્દ્ર મોદી પણ ન કરી શક્યા, પરંતુ જેમને દારૂ વગર ચાલતું જ ન હોય એમને તે મળી રહે, એવી જોગવાઇ જરુર કરતા ગયા. હવે તો દરેકને પોતપોતાની જરૂરિયાત મુજબ આ બલરામજીનું પ્રિય પેય મળી જાય છે. ગાંધીનગર નજીકના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સૈનિકો તથા અર્ધલશ્કરી દળોના જવાનોને નિયમાનુસાર મળતા ક્વોટાનો માલ પણ સહેલાઇથી નાગરિકોને મળી જતો હોય છે, તો બીજી તરફ રાજધાનીની રચનામાં સર્વસ્વ ગુમાવનારાં કાંઠાનાં ગામડાંમાં દારૂ ગૃહઉદ્યોગ બની રહ્યો છે, જેની સામે પોલીસ પણ ઉદાર અભિગમ દાખવતી રહી છે. પોલીસખાતું પોતે દારૂની આવી દેશી ભઠ્ઠીઓ ચલાવનારાઓ પાસેથી અને રાજસ્થાન-મધ્યપ્રદેશ અથવા દીવ-દમણ-દાદરા નગર હવેલી જેવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી નિયમિત ગુજરાતમાં ઠલવાતા સપ્લાયમાંથી તગડી કમાણી કરી લે છે. ગાંધીનગરના ગાંધીવાદી કલેકટરશ્રીએ કાયદાનું ચુસ્ત પાલન કરીને દાખલો જરુર બેસાડ્યો છે. એથી આજ પછી સરકારી કાર્યલયોમાં બેસીને બાટલી ખોલતાં સાહેબો બે વાર વિચાર કરશે, પરંતુ પડી પડીને ફરક કેટલો પડશે તે પ્રશ્ન જ રહે છે!

# તંત્ર દ્વારા મુકવામાં આવેલ બાંકડાઓ લાગવગીયા લોકો ઉઠાવી ગયા : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા. ૨૭

પાટનગરમાં વરિષ્ઠ નાગરિકોને પારાવારિક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોવા છતાં હજુ પણ તંત્ર બેખબરીની ઊંઘે ઊંઘી રહ્યા હોય તેવી બે પરવાહી દાખવે છે. વયસ્ક પેન્શનરો બેન્કમાંથી પેન્સન લેવા જતાં લાંબી લાઈનોમાં ઉભા રહેવુ, વરિષ્ઠો માટે જાહેર સ્થળો અને ઉદ્યાનોમાં બાકડાઓની વ્યવસ્થા ખોરવાઈ રહી છે. જ્યારે નગરમાં રખડતા પશુઓનો ત્રાસ વધી રહ્યો છે તો બીજી બાજુએ બેફામ ગતિથી યુવાનો બાઈક હંકારતા હોવાથી રસ્તો ઓળંગતા વરિષ્ઠોમાં ભય જોવા મળે છે તો કેટલાક રહેવાસીઓ ફૂટપાથ પર પણ વાહનો ચલાવી રાહદારીઓને અડચણરૂપ બને છે. આવી ઘણી પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોવાથી વરિષ્ઠ વયસ્કો તંત્રથી નારાજગી ફેલાઈ છે.

નિવૃત્તિ પછી બેન્કમાંથી પેન્શન ઉપાડવા જતાં લાંબી લાઈનમાં ઉભા રહી મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ તેમની સહી રેકોર્ડમાં મળતી નથી. ફરીથી ટોકન લઈ લાંબી લાઈનમાં ઉભા રહેવાની શિક્ષા મળતા પેન્શનરો માટે આ શિક્ષા સજારૂપ નીવડે છે. જ્યારે વરિષ્ઠો માટે જાહેર સ્થળો અને ઉદ્યાનોમાં બાંકડાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ બાકડાઓ અદૃશ્ય થઈ જતાં તે પાછળનું કારણ કે જાણકારી હોવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરતા હજી સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી. સાથે જ રહેણાંક વિસ્તારોમાં ઢોરોનો ત્રાસ વધતા ઘણીવાર સતત રજુઆત કરાતા કોઈ નિરાકરણ જોવા મળેલ નથી. કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહાનગર પાલિકા અને પોલીસખાતું તમામ આ બાબતો પર ધ્યાન દોરે તેમાં આરોગ્ય ખાતુ વયસ્કો પ્રત્યેની માનવતા સજીવન કરે તેવુંશહેર જાગૃત નાગરિક પરિષદ ઈચ્છે છે.

વાંદરાઓનું વાહન સુખ : ગાંધીનગરમાં વાનરોને પણ વાહન સુખનો યોગ હોય છે. ગાંધીનગરના સેક્ટર-૧૯, ૩૦, ૨૦ અને ૧માં વાનરોની અવર-જવર વ્યાપક પ્રમાણ હોય છે. ક્યારેક હીંચકે, ક્યારેક છાપરે.., ક્યારેક ઝાડ પર કે ક્યારેક ગાડી પર... મસ્તી કરતા નજરે પડે છે...

# સમાજના જરૂરતમંદ વિદ્યાર્થીઓ માટે શોધન ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય તેમજ ગ્રામીણ અને કૃષિવિકાસ ક્ષેત્રે અસરકારક પ્રદાનના ઉદ્દેશ્યો સાથે આગળ વધી રહેલ "શોધન ફાઉન્ડેશન" દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે મધુર ડેરી, ગાંધીનગર ખાતે તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં પરંતુ ગામ તરીકેની ઓળખ ધરાવતા આદીવાડા વિસ્તારના ૪૪ બાળકોને સંસ્થા દ્વારા મધુર ડેરી ખાતે લઈ જવામાં આવેલ. મધુર ડેરી ખાતે સંચાલકો દ્વારા આરએમઆરડી, પ્રોસેસ, પેકીંગ, બટર, ઘી પ્લાન્ટ બતાવીને તેના વિશે ઝીવણટપૂર્વક સમજાવવામાં આવેલ. કોલ્ડ સ્ટોરેજની મુલાકાત પણ કરાવેલ. બાળકોએ જિજ્ઞાશાવશ પૂછેલ પ્રશ્નોને પણ મધુર ડેરીના કર્મચારીઓ દ્વારા સંતોષપૂર્વક જવાબ આપેલ અને દૂધ અને દૂધની પ્રોડક્ટોના ઉત્પાદન અને ડેરીમાંથી નીકળી લોકો સુધી કેવી રીતે પહોંચે છે તે પણ સમજાવેલ.

મધુર ડેરી ફક્ત નામથી મધુર નથી પરંતુ સ્વાદમાં પણ મધુર છે તેવું મધુર ડેરી દ્વારા બાળકોને આપવામાં આવેલ ફ્લેવર્ડ મિલ્ક પીધા બાદ બાળકોએ લાગણી વ્યક્ત કરેલ. મધુર ડેરી એક નાનકડા બીજમાંથી વટવૃક્ષ કેવી રીતે બની તેની ઝલક બતાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ ડેરી દ્વારા બાળકોને બતાવવામાં આવી હતી. મધુર કાફેના સંચાલકોના સહયોગથી બાળકોને ભોજન આપવામાં આવેલ.

કાર્યક્રમમાં જોડાયેલ બાળકો દ્વારા જોક્સ, મિમીક્રી, કવિતા, ડાન્સ જેવી પ્રવૃત્તિઓથી પોતાની આંતરિક શક્તિઓને ખીલવવા સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સ્વીકૃતિ આપવા બદલ મધુર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણા, મેનેજીંગ ડીરેક્ટર શ્રી રોહિતભાઈ મહેતા, કાર્યક્રમમાં બાળકોને વિવિધ પ્લાન્ટની સમંતિ તેમજ સમજ આપવા બદલ પ્રોડક્શન મેનેજર શ્રી કે. એસ. કુંપાવત, સુશ્રી દ્રવીણાબેન દેસાઈ (ટેકનિકલ ઓફિસર - આઈસ્ક્રીમ ઈન્ચાર્જ) સહિત સ્ટાફ મિત્રો બાળકોને મધુર ડેરીની ફિલ્મ, માર્ગદર્શન અને ફ્લેવર્ડ મિલ્કના સહયોગ બદલ શ્રી વઘાસીયાભાઈ, શ્રી રમણસિંહ વાઘેલા, દશરથભાઈ ઠાકોર સહિત મધુર ડેરીના તમામ સંચાલકો, સ્ટાફ મિત્રોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાએ સંસ્થાના પ્રયાસને બિરદાવતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી. બાળકોને આર.એન.પટેલ ગ્રુપ ટ્યુશનના શ્રી કલ્પેશ વી. ઠક્કર (સે. ૧૩) અને શ્રી આર. એન. પટેલ (સે.૩૦) દ્વારા સ્ટેશનરી સભર કંપાસ બોક્ષની સેવા પૂરી પાડવામાં આવી હતી.

આદીવાડા વિસ્તારના શ્રી દિલીપસિંહ, શ્રી કરણસિંહ, શ્રી ભૂપતસિંહ વિગેરે દ્વારા બાળકોને સહયોગ આપેલ. સમગ્ર પ્રવાસમાં આ વિસ્તારના શ્રી કાનજીભાઈ જોડાઈને નિઃસ્વાર્થ સેવા આપી હતી. સમગ્ર પ્રવાસને યાદગીરીરૂપે કંડારવાની સેવા ગાંધીનગરના જાણીતા તસ્વીરકાર શ્રી નિલેશ પુજારા દ્વારા આપવામાં આવેલ.

શોધન ફાઉન્ડેશના પ્રમુખ પ્રશાંત ત્રિવેદી, ઉપપ્રમુખ પાર્થ ઠક્કર, કાર્યક્રમના પ્રોજેક્ટ મેનેજર શ્રી ઉષાંગ પારેખ, કાર્યકરો શ્રીમતી અમીતા પારેખ, શ્રીમતી ભાવના ઠક્કર, દિશા, મિથિલેષ, યથાર્થ, યુગ, સ્વપ્નીલ, રિંકુ, ધૈર્ય સહિતના સઘન પ્રયાસથી કાર્યક્રમ સફળ રહેવા પામેલ.

## આજે રથયાત્રા મહોત્સવ સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં ભગવાન જગન્નાથની રથયાત્રાની તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. ત્યારે રથયાત્રા મહોત્સવ સમિતિ ગાંધીનગર રથયાત્રાની તૈયારીના ભાગરૂપે આજે રવિવારે રાત્રે ૮.૩૦ વાગે સેક્ટર-૨૨ પંચદેવ મંદિર ખાતે બેઠકનું આયોજન કરાયુ છે. બેઠકમાં નગરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપસ્થિત રહેશે. પાટનગરમાં ભગવાન જગન્નાથની ૧૯૮૫ સાલથી રથયાત્રા યોજવામાં આવે છે.

## આજે ઉદ્‌ગમ દ્વારા રાહતદરે શાકભાજીનું વિતરણ સાંજે કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નગરજનોને સસ્તા દરે શાકભાજીનુંવિતરણ કરવાનું અભિયાન હાથ ધરાયું છે. આવતીકાલે તા. ૨૮મી જૂન રવિવારે આ રાહતદરે શાકભાજી વિતરણનું કાર્ય બપોરે ૪ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી કરવામાં આવશે. શાકભાજી વિતરણ સે. ૮માં પોલીસ ચોકી સામે પ્લોટ નં. ૮૧૮ ખાતેથી કરવામાં આવશે જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરાયો છે.

## સે-૧૨ ખાતે ડૉ. અતુલભાઈ પરમાર વકતવ્ય આપશે

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૧૨ ડૉ. આંબેડકર ભવન ખાતે તા. ૨૭મી જૂને સાંજના ૫.૪૫ થી ૮.૦૦ કલાક દરમિયાન દલિત રાઈટીંગ ઈન ઈન્ડિયા એ ક્રીટીકલ ઈવેલ્યુશન અંગ્રેજી ગ્રંથ વિશે પ્રાધ્યાપક ડૉ. અતુલભાઈ પરમાર ગુજરાતીમાં વકતવ્ય આપશે. કાર્યક્રમ દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા યોજાશે.

## સે-૨૧ શાકમાર્કેટ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૩૦ સર્વોદયનગર સોસાયટીમાં રહેતા ચેતનભાઈ રમણભાઈ માંચી ગઈ કાલે પોતાનું બાઈક લઈને સેકટર-૨૧ શાકમાર્કેટ પાસે ગયા હતાં. બાઈક માર્કેટની બહારની સાઈડ પાર્ક કરીને નીકળ્યા બાદ પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ શખ્સો તેમના બાઈકની ઉઠાંતરી કરીને રફુ ચક્કર થઈ ગયા હતાં. બાઈક ચોરી અંગે ફરિયાદ આપતા સે-૨૧ પોલિસ મથકનાં પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# આર.જી. અને એસ.બી. શાળાની વિદ્યાર્થીનીઓ એનસીસી કેમ્પમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨૭

શ્રીમતિ આર.જી. પટેલ અને શ્રીમતિ એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ દસ દિવસીય એન.સી.સી. કેટ કેમ્પમાં ભાગ લીધો હતો. શાળાની આકાંક્ષા જયસ્વાલ,

મનિષા ઝાલા, નીકી, શ્વેતા, આશા, ફાલ્ગુની, માહી, હેલી, ખુશી, કાજલ, રિદ્ધિ, કિંજલ, જાનવી, માનસી, વિધિ, એશા કેટ્સમાં જોડાઈ હતી. હેલી ત્રિવેદીએ મહેંદી અને ગીત સ્પર્ધામાં સિલ્વર મેળવ્યો હતો. તેમજ રિદ્ધિ સાતાએ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# મંગળવારે ગીયોડ ખાતે પુર્નજાગરણ અભિયાનનું સમાપન યોજાશે

## આ પ્રસંગે જિલ્લા યુવા સંમેલન અને યુવા કૃતિ પ્રદર્શન યોજાશે : યુવા રમત ગમત અને સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૭

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૨૮મી જુનથી ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામેથી પુર્નજાગરણ અભિયાન હાથ ધરાયું હતું. આ અભિયનનું સમાપન તા. ૩૦મી જુને ગિયોડ મુકામે અંબાજી મંદિર ખાતે સવારે ૧૦ વાગે કરાશે. આ પ્રસંગે રાજય સરકારના યુવા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી, ધારાસભ્યો તથા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય પ્રેરિત અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સંચાલિત આ જનજાગૃતિ અભિયાન ત્રણ રૂટ દ્વારા ગીયોડ અંબાજી મંદિરે સમાપન માટે પહોંચશે.

આ પ્રસંગે ૧૦૦ ગામના સરપંચો, જિલ્લા પંચાયતના પ્રમુખ અને તમામ સદસ્યો, ગ્રામ પંચાયત સદસ્યો, જિલ્લાના યુવા મંડળો, મહિલા મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા એસ.એચ.જીના મંડળો પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાનું યુવા સંમેલન યોજાસે તથા જિલ્લાની બહેનો દ્વારા તૈયાર કરાયેલ ચીજ વસ્તુઓનું પ્રદર્શન યોજાશે.

# ટ્રક અને કાર અથડાતા એક જ પરિવારના પાંચના મોત

અમદાવાદ-ભાવનગર હાઈવે પર વલ્લભીપુર પાસે આજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પરિવારના પાંચ સભ્યોના મોતથી ચકચાર મચી ગઈ હતી. બનાવના પગલે રસ્તા પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા આ બનાવ બન્યો હતો. અકસ્માતમાં બોટાદના મુસ્લિમ પરિવારના સભ્યો કાળનો કોળિયો બની ગયા હતા. વિગત એવી છે કે, બોટાદમાં રહેતા મુસ્લિમ પરિવારની બે મહિલા અને ત્રણ પુરુષ અલ્ટો કારમાં કોઈ સામાજિક કામસર ગઈ કાલે ભાવનગર ગયા હતા. ત્યાર બાદ આજે વહેલી સવારે ૫-૦૦ વાગ્યાના સુમારે ભાવનગરથી આ પરિવારના પાંચ સભ્યો બોટાદ પરત જવા રવાના થયા હતા. સવારના ૬-૩૦થી ૭-૦૦ સમય વચ્ચે અલ્ટો કાર અમદાવાદ-ભાવનગર હાઈવે પર વલભીપુર નજીક પાટણા અને કાનાપર ગામનાં પાટીયા પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે આગળ જઈ રહેલી ટ્રકને કારચાલકેઓવરટેક કરતાંઆ કમનસીબ ઘટના બની હતી. અલ્ટો કારના ચાલકે ઓવરટેકનોપ્રયાસ કરતાંજ કાર જોરદાર ધડાકા સાથે ટ્રક સાથે અથડાઓઈ હતી અને કારના ભુક્કા બોલી ગયા હતા. કારમાં સવાર બે મહિલા અને ત્રણ પુરુષના ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે જ મોત થયા હતા. બંને વાહનો રોડ વચ્ચે જ આડા પડી જતાં રોડની બંને તરફની ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. વાહનચાલકો હાલાકીમાં મુકાઈ ગયા હતા.

# વરસાદમાં કવિતા; કવિતામાં વરસાદ!!

જળચર જળ ઉપર ભમે, ગો ભમ ભણી જોવંત
ભડલી તો એમ જ ભણે, જળધર જલ મેલંત

અર્થાત જળચર જળ ઉપર ભમવા માંડે અને ગાયો આકાશ ભણી તાકે ત્યારે ભડલી કહે છે કે તુરંત વરસાદ પડશે. આ ઇતિ પુરાતન અને અતિ જાણીતું વાક્ય છે પણ આજકાલ તો આવા લક્ષણો નીરખવાનો કોને સમય હોય છે ને વરસાદ પણ હવામાનખાતા કે આગાહીવીરોની ગણતરીઓ મુજબ આવે ઓછે પણ ક્યાં? જો કે આજે આપણે આગાહીઓ કે ચોમાસાના ગણિત પર નહીં પણ ચોમાસાની મદમસ્ત મોસમમાં અંતરની ઊર્મિઓને શબ્દોમાં ઢાળીને સજાવાતી કવિતાઓની વાત કરવી છે.

'પામવું હોય જો ચોમાસું, પલળવું જોઇએ; છાપરૂં, છત કે નયન થઇને ગળવું પણ જોઇએ' ભગવતીકુમાર શર્માની કવિતાની આ બે લાઇનમાં ચોમાસાનો સઘળો મર્મ આવી ગયો. પલળવાની મોચમ ચોમાસું, યાદ રહે પલળવાની - ભીંજાવાની નહીં. અને તમે પલળ્યા હો એનાથી પણ વધુ જો ચોમાસાની રાત પલળી હોય તો એવું પણ બને કે ફૈઝ અહેમદ ફૈઝનો આ શેર યાદ આવી જાય 'ભીગી હૈ રાત ફૈજ ગઝલ ઇબ્તિહા કરો, વક્ત-એ-સરોદ દર્દ કા હંગામા હી તો હૈ' મોસમને અને મહોબ્બતને આમેય જુની દોસ્તી છે પછી ભલેને એ મહોબ્બત પુરબહારમાં હોય કે પછી ગર્દીશમાં હોય. આગળ લખ્યું એ ભડલી વાક્ય તો વર્ષો જૂનું પેરામીટર છે. ચોમાસાના આગળના એંધાણનું પણ કદાચ એવું જ એંધાણ ધ્રુવ ભટ્ટની આ પંક્તિઓમાં પણ નથી લાગતું કે, "વાડ પરે સૂતેલી સઘલી લીલાશ હવે નીતરતી થાશે મેદાનમાં, ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં..."

વરસાદ પર અને ચોમાસા પર મુખ્ય કવિતાઓ લખાઇ છે અને હવે તો સોશિયલ નેટવર્કીંગનો સુવર્ણકાળ ચાલે છે. ફેસબુક, ટ્વિટર કે બ્લોગની દિવાલો પર વરસાદના પહેલા છાંટાની હારોહાર જ વરસાદી કવિઓ જથ્થાબંધ ફુટી નીકળે છે જોકે બધા તકીયાનુમા શાયર નથી હોતા પણ કહેવાનો મતલબ એ છે કે વરસાદી મોસમ ચીજ જ એવી છે કે જો તમારા દિલમાં જરા પણ ભીનાશ સળવળી ઊઠે તો અમુક રોમેન્ટીક કે પછી ગમગીન જે હોય તે પણ બે-ચાર લાઇનો તો ફૂટી જ નીકળે, નીકળે ને નીકળે અને દરેકની કહેવાની અને વરસાદી મોસમને અનુભવવાની રીત પણ જુદી જુદી હોઇ શકે મનોજ્ઞા દેસાઇના શબ્દોમાં 'એક મારો વરસાદ, એક તારો વરસાદ અને પેલો વરસાદ જરા નોખો; સૌ સૌના હૈયામાં સૌનો વરસાદ લઇ જો ને વહેતા જાય લોકો' સાચું જ છે ને? બધાનો પોતપોતાનો વરસાદ એ જ રીતે બધાની પોતપોતાની વરસાદી અભિવ્યક્તિ. હર્ષદ ચંદારાણાનું આ વર્ષાગીત જુઓ "ગમ્યુ તે ગાઇ લેવાનું વરસતું ટાણું છે વર્ષા, કે વાદળ નામના કવિએ લખેલું ગાણું છે વર્ષા" વાત પણ સાચી કહીને કવિએ? વર્ષાઋતુમાં ગમે તે ગાઇ લેવું તો જ મન મોર બની થનગનાટ કરે એ સાર્થક થયું ગણાય.

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

અને ગમે તે ગાવું એટલે હિન્દી ફિલ્મોના 'છમ છમ બરસા પાની' કે 'બરસાદ મેં હમ સે મીલે તુમ સજન તુમ સે મીલે હમ' જેવા ગીતોની સાથે સાથે બશીર બદ્ર સાહેબનો આ શેર પણ આવી જાય કે "મુહબ્બત ગમ કી બારિશ હૈ, જમી સર-સબ્ઝ હોતી હૈ, બહુત સે ફુલ ખીલતે હૈ જહાં બાદલ બરસતા હૈ" બાદલ તો બારીશનો ટાઇમ થાય એટલે વરસવા જ માંડે, એ કાંઇ પુછે નહીં કે વરસું કે નહીં? ક્યારેક માણસ એમાં ઊંઘતો પણ ઝડપાઇ જાય જેમ કે રાજેશ વ્યાસ 'મિસ્કીન' નો આ શેર વાંચો "ઓણ ચોમાસું ઝટ ગયું બેલી, ને બધાં સ્વપ્ન તો નિભાડે છે." ચોમાસાનું તો એવું ભાઇ!!! પછી આવા નિભાડે પડેલા સ્વપ્નો તો હવાઇ જાય એ તો સમજ્યા પણ જો અનરાધાર મેઘો મંડાય તો પછી ધ્રુવ ભટ્ટના આ ગીતની પંક્તિઓ ગાવા સિવાય બીજો કોઇ આશરો નહીં રહે. "બધી ભાષા ભૂલાઇ જાય એવો વરસાદ, હવે કેવો વરસાદ કેમ બોલું; પડતું આકાશ છેક હાથમાં ઝીલાય એની સામે શું કાગળિયા ખોલું" બસ પછી નીભાડે પડેલા સ્વપ્નોની ચિંતા કર્યા વગર કે કાગળીયા ખોલ્યા વગર હરિન્દ્ર દવે ને યાદ કરીને લલકાર્યા વગર છુટકો નહીં કે "ચાલ વરસાદની મોસમ છે, વરસતાં જઇએ"

બારિશ ઉર્ફે બરસાત ઉર્ફે વરસાદ ને જબરી લેણીદેણી ફીલીંગ્લ, ભાવના ને ઊર્મિઓની સાથે. મહોબ્બત, વેદના, ગમ, ખુશી, રાજીપો ન જાણે કેટકેટલા ભાવો મંડે જલતરંગ કરવા બારિશના મોસમમાં, જરુર ગોરખપુરીનો આ શેર 'જીસ્મ છૂતી હૈ જબ આ આ કે પવન બારિશમેં, ઔર બઢ જાતી કે કુછ દિલ કી જલન બારિશમેં' બારિશને અને યાદોંને ઘાડાપુરને ઘેઘુર સમજવા. "એ જ આંખો, એ જ અઘરો એ જ જોબન એ જ તું, હાં પ્રથમ વરસાદમાં યાદો અધીરી થઇ જશે." (અમિત તિવારી) તેરી દો ટકીયે કી નૌકરી મેં મેરા લાખો કા સાવન જાયેની જેમ જ વેણીભાઇ લખી ગયા છે કે "આજ નથી જાવું બસ, કોઇનાય કામ પર; અલ્યા ઘીંગા વરસાદ! તારા નામ પર!" વરસાદના નામે સઘળું કુરબાન.

અઢી અક્ષરનું ચોમાસું અને બે અક્ષરના અમે ની જેમ ચોમાસું ઋતુ જ છે અને અમે તમેની, આગળ કહ્યું એમ મારો વરસાદને તારો વરસાદની. "આજ ફિર તુમ કો સતાને આ ગયે, ક્યા કરે મૌસમ સુહાને આ ગયે" સુહાના મૌસમની આગાહી તો પ્રેમીકા કે પ્રેમીની આંખોમાંથી શરુ થઇ જાય. "તમે કહી દઉં છું સાચે સાચું, મારી આંખો એ બેઠું ચોમાસું (એષા દાદાવાળા) ને વાત સાચી જ છે. ચોમાસું બેસતું નથી પણ ચોમાસું તો ઉગતું હોય છે, ધરતી પર, આંખોમાં, યાદોમાં, સ્વપ્નોમાં, ચોમાસું તરસવાની મોસમ અને ચોમાસું વરસવાની મોસમ."

આકળવિકળ આંખ કાન વરસાદ ભીંજવે, હાલકડોલક ભાન શાન વરસાદ ભીંજવે (રમેશ પારેખ) ચોમાસાની મોસસમાં કવિતા બની જાય, રચાઇ જાય, સ્ફૂરી જાય, "કૈસા છંદ બના દેતી હૈ, બરસાતે બૌછારોવાલી" (માખમલાલ ચતુર્વેદી)ને ફરી પાછું યાદોના વનરાવનમાં વર્ષાની રૂમઝૂમ ફુહાર પડે તો, "બરસતે પાની મેં જૈસે ગલતી હૈ મીટ્ટી, તુમ્હારી યાદ મે ગલતાં હૈ મેરા મન" (રામપ્રતાપ ખરે). વરસાદી સવારે ઓફીસ જવા ઘરેથી બહાર નીકળો ને જો ગુલમહોરના ઝાડ નીચે ભીના સુકાવેલા ત્પત્તા જોવા મળે તો પરવીન શાકીરને યાદ કરી લેજો "બારિશ હુઇ તો ફૂલોને તનચાક હો ગયે, મૌસમ કે હાથ ભીગકર શફ્ફાક હો ગયે" ને ધમાધમ વરસાદ વરસવા માંડે તો રાકેશ પાલીવાલનો આ શેર ખાલી ગણગણવાનો જ નહીં પણ અમલમાં પણ મુકી દેવો, 'જમ કે બરસ અબ દીન તેરે આ ગયે, હમ તેરે સ્વાગત મેં નંગે પૈર છતપે આ ગયે.'

ચોમાસાની વાત હોય અને એમાં જો કવિતા ભળે તો મેઘદૂતને યાદ કર્યા વિના તો આખીયે સાવન મહિમા વ્યર્થ ગણાય. વિરહ કાવ્ય, વર્ષાકાવ્ય, પ્રેમ કાવ્ય કે પછી મહાકાવ્ય જે ગણો તે પણ મેઘદૂત અષાઢસ્ય પ્રથમદિનેથી શરુ થઈને વહેતી એવી અમર બરસાદ ગાથા છે જે આજે પણ એટલી જ પ્રસ્તુત અને રસીક છે જેની પાસે અત્યાર સુધીના બધા જ વિરહ, વર્ષા કે પ્રેમ કાવ્યો ઉણા ઉતરે જગજીતની વો કાગઝ કી કસ્તી વો બારીશ કા પાનીની જેમ જ મુકેશ જોશીના શબ્દો સાથે સમાપન કરીએ કે "છોકરીના હૈયામાં ચોમાસું બેઠું ને છોકરાના હૈયે લીલોતરી, કુંપળ ફૂટ્યાની વાત જાણીને છોકરો છાપે છે મનમાં કંકોતરી...!!!" બારિશ મુબારક!!

વિસામો :

જાત છત્રીથી ઢાંકી ફરતા સહુ, હું કરું કોને પેશ ચોમાસું,
ખોલીને મેઘ-દૂત વાંચ્યા કર, હાથવગું છે હંમેશ ચોમાસું.

- મનોજ ખંડેરિયા